## જન્મદિને વધામણી



**નિમિષ વ્યાસ**
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, મો. ૯૯૦૯૯ ४६०६४



**માધવી નિમિષ વ્યાસ**



**પ્રવીણચંદ્ર જોષી**
મિમિક્રી આર્ટીસ્ટ, નાટ્ય કલાકાર (૧૭-૯-૧૯૫૫)
ફોન : ૨૩૨૩૨૩૩૧, મો. ૯૪૨૯૫ ૨૩૨૪૧




**જતિન પટેલ**
મો. ૯૮૯૯૧ ૬૨૯૧૯



**મિત્તલ રાણા**
ખજાનચી, લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર



**પલ્કેશ જાની**
ફોટો જર્નાલીસ્ટ
મો. ૯૯૯૮૭ ૬૬૦૦૬



**નવિનભાઈ એમ બારોટ**
સલાહકાર, બ્રહ્મભટ્ટ સમાજ, ગાંધીનગર
મો. ૯૪૨૬૫ ૯૨૩૯૮





શ્રી એમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલય, વાવોલ ખાતે હિન્દી દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. શાળાનાં વિદ્યાર્થી નિરાલી જાદવ, સુજલ યાદવ, ભૂમિકા પંચાલ, પ્રેરણા પ્રજાપતિએ આ પ્રસંગે અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ હિન્દીમાં વક્તવ્ય આપ્યું હતું. શાળાના શિક્ષકોએ પણ હિન્દી ભાષાના મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને વિગતે સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાળાના શિક્ષક નિલેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રેરણા વિદ્યાલય દ્વારા ડૉ. આંબેડકર જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૬

પ્રેરણા વિદ્યાલય ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે વક્તૃત્ત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ વક્તૃત્ત્વ સ્પર્ધામાં ઉચ્ચ પ્રાથમિકમાંથી આર્યન પરમાર અને નિબંધ સ્પર્ધામાં દિવ્યા નિનામા તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની વક્તૃત્ત્વ સ્પર્ધામાં દેવાંગી પ્રજાપતિ અને નિબંધ સ્પર્ધામાં હેમાંગિની ડાભી પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. શાળા પરિવાર તરફથી આ કાર્યક્રમમાં ભાગ લેનાર તથા વિજેતા થનાર સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર અને શેઠ સી ઍમ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે શિક્ષકદિનની ઉજવણી વિશિષ્ટ રીતે કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા દ્વારા સેવાનિવૃત્ત શિક્ષકો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓના સહાય અર્થે ફાળો એકત્ર કરવાનો એક કાર્યક્રમ ચલાવવામાં આવ્યો. આ પહેલ વિશે રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીજીને પણ અવગત કરાવવામાં આવ્યા. રાજ્યપાલે આ કાર્યને ન માત્ર બિરદાવ્યું પરંતુ પોતે ફાળો આપીને આ કાર્યની શુભ શરૂઆત પણ કરાવી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થી આયુષ પી પટેલ, તીર્થ એ પ્રજાપતિ, ચિરાગ આર ચૌહાણ, નિર્ભય પી જોષી, ભાવેશ ઍન પટેલ, જય ઍચ પટેલ, આચાર્ય બચુભાઈ કે પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પોલીસવડા, જિલ્લા કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હીરો
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
હીરો
૧.૩૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૨.૪૫
હીરો
૪.૩૦, ૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૧.૦૦
ફૅન્ટમ
૨.૧૫, ૧૦.૦૦
હીરો
૫.૧૫
ટ્રાન્સપૉર્ટર-૪ (હિન્દી)
રાત્રે ૮.૦૦

**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૨.૦૦, ૫.૦૦
હીરો
૧૦.૦૦, ૮.૦૦

## આર જી કન્યા શાળા ખાતે સ્વચ્છ શાળા અભિયાન યોજાયું

### ઓરડા, વર્ગખંડો અને આસપાસની જગ્યાની પણ વિદ્યાર્થીઓ-શિક્ષકો દ્વારા સફાઈ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૬

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍમ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે સ્વચ્છતા અભિયાનની હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી.

ધોરણ-૯થી ૧૨ના તમામ વર્ગો, સ્ટાફરૂમ, કમ્પ્યુટર રૂમ, પુસ્તકાલયની વિદ્યાર્થીનીઓ તથા વર્ગશિક્ષકો તથા સ્ટાફમિત્રોએ સાથે મળીને સફાઈ કરી હતી. આ સાથે તિજોરી, લાઈટ, પંખા, નકશા, કમ્પ્યુટર સહિત શાળાના મકાનની પણ સફાઈ હાથ ધરવામાં આવી અને દરેક મજલાની દિવાલો, લૉબી, બૉર્ડની સફાઈ કરવામાં આવી. ત્યારબાદ આસપાસની જગ્યાની પણ સફાઈ વિદ્યાર્થીનીઓએ હાથ ધરી હતી. આ સફાઈ શ્રમકાર્યમાં વિદ્યાર્થીનીઓને શાળાનાં આચાર્યા સુધાબેન પટેલ તથા ત્રણેય પાંખના સુપરવાઈઝર્સ દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં સેવાકાર્ય





ગાંધીનગર, તા. ૧૬

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જામચીતરીયાના વનવાસી વિસ્તારની ૧૦ શાળાઓમાં ગણપતિજીની પ્રતિમાઓ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા દર વર્ષે ૧૦ શાળાઓને ગણેશની પ્રતિમા આપવામાં આવે છે.

આ ઉપરાંત સંસ્થા દ્વારા ગઢીયા, રુદ્રલ, રાયપુર, લક્ષ્મીપુરા, ચીતરીયા, પંચમહુડી, રંગપુર, મૈત્રી, શામળપુર આશ્રમ શાળામાં વિદ્યાર્થીઓને સાબુ, પૅન્સિલ, બૉલપેન, નાસ્તો, ચોપડા વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મૈત્રી તથા રાયપુરમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૧માં સાયન્સ પ્રવાહ પસંદ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તથા એમની હામમાં વધારો કરવા 'અબ જાગ ઉઠો, કમર કસો' ગીતનું ગાન પણ કરવામાં આવ્યું હતું.

આ અગાઉ જામચીતરીયામાં ૧૩૩ વૃદ્ધ નિરાધાર બહેનોને ૩ કિગ્રા ચોખા, બિસ્કીટ તથા નાસ્તો આપવામાં આવ્યો હતો.

માનવસેવા માટેનાં આ કાર્યો પ્રસંગે ગજાનન સેવા સમિતિના રોહિતભાઈ, મિલિંદભાઈ, દેવભાઈ, અર્જુના ગામેતી, દિનેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## વી ઍમ - ઍચ વી બાલમંદિરનાં ભૂલકાઓએ ગણેશચતુર્થી ઉજવી

### ભૂલકાઓએ ગણપતિના સમગ્ર પરિવારની વેશભૂષા સજીને સુંદર દશ્યોનું પરિસરમાં સર્જન કર્યું



ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમનાં ભૂલકાઓએ ગણેશચતુર્થીની ઉજવણી ભાવપૂર્વક કરી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ નાચતા-કૂદતાં એક શોભાયાત્રાનું આયોજન પણ કર્યું હતું અને વાજતે-ગાજતે ગણપતિનું સ્થાપન કરી આરતી ઉતારી હતી. ભૂલકાઓએ ગણપતિના સમગ્ર પરિવારની વેશભૂષા સજીને સુંદર દશ્યોનું પરિસરમાં સર્જન કર્યું હતું. ગણેશ, કાર્તિકેય, મહાદેવ, પાર્વતી, રિદ્ધિ-સિદ્ધિ, નંદી અને મૂષકનો વેષ ધરેલાં ભૂલકાં પણ આ પ્રસંગે જોવા મળ્યાં હતાં. પ્રસંગને અનુરૂપ નૃત્ય તથા 'સાચું તીર્થ' નાટકની પ્રસ્તુતિ પણ કરી હતી. ગર્લ્સ હૉસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પરીખ, બાલમંદિરના શિક્ષકો, કો-ઓર્ડિનેટર કિરણબેન પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે પ્રથમ નૅશનલ મૂટ કૉર્ટ સ્પર્ધા યોજાઈ



રનર્સ અપ ટીમ



પ્રથમ વિજેતા ટીમ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે પ્રથમ નૅશનલ મૂટ કૉર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશભરમાં કાર્યરત ૨૬ લૉ કૉલેજીસના વિદ્યાર્થીઓના બનેલી વિવિધ ટીમે આ સ્પર્ધામાં બે વર્ષના અંતરાલ બાદ ભાગ લીધો હતો. પ્રાથમિક રાઉન્ડ, ક્વાર્ટર ફાઈનલ રાઉન્ડ અને સૅમિ ફાઈનલ રાઉન્ડમાં સ્પર્ધા યોજાઈ હતી, જે પછી સ્પર્ધા ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી હતી.

સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ સ્કૂલ ઑફ લૉ, ક્રાઈસ્ટ યુનિવર્સિટી અને આર્મી ઈન્સ્ટીટ્યુટ ઑફ લૉ, મોહાલી વચ્ચે યોજાયો હતો. ગુજરાત હાઈકૉર્ટના જસ્ટિસ અકિલ કુરેશી, સુપ્રિમ કૉર્ટના સિનિયર વકીલ બિશ્વજિત ભટ્ટાચાર્ય, ગુજરાત હાઈકૉર્ટના સિનિયર ઍડવોકેટ મિહિર ઠાકોર, ધર્મિષ્ઠા રાવલની બનેલી સમિતિએ આ ફાઈનલ રાઉન્ડમાં જજ તરીકે પોતાની સેવાઓ આપી હતી.

૪૫ મિનિટ્સ ચાલેલા રાઉન્ડ પછી સ્કૂલ ઑફ લૉ, ક્રાઈસ્ટ યુનિવર્સિટીની વિજેતા જાહેર કરવામાં આવી હતી. અને એ પછી ઈનામે વિતરણ સમારોહ યોજાયો હતો.

આ સમગ્ર સ્પર્ધાનું આયોજન અને સંચાલન ફૅકલ્ટી કન્વીનર ગિરીશ આર દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાર્વજનિક ગણેશોત્સવનો હેતુ પ્રજાને એકજુટ કરવાનો




કોઈપણ મંગલકાર્યની શરૂઆત ગણપતિજીની સ્થાપના કે તેમની સ્તુતિથી જ થાય છે. ત્યારબાદ કાર્યમાં કોઈ વિઘ્ન આવતું નથી. ત્રેતાયુગમાં ભાદરવા સુદ ચોથના દિવસે ગણપતિજીએ માતા ઉમાની કૂખે જન્મ ધારણ કર્યો હતો. બ્રહ્મદેવની કન્યાઓ રિદ્ધિ-સિદ્ધિ સાથે તેમના વિવાહ સંપન્ન થયા હતા.

અષ્ટસિદ્ધિને વરેલા ગણેશ બ્રહ્મલોકમાંથી આવી રહ્યા હતા ત્યારે ચંદ્રની દ્રષ્ટિ ગણેશ ઉપર પડી. ગણેશના દેખાવ બાબતે ભિન્ન ભિન્ન પ્રકારે નિંદા કરી. ચંદ્રનું અભિમાન સહન ન થતાં ગણેશે તેને શાપ આપ્યો કે, તેં તારા રૂપના અભિમાનમાં બીજાની ઠેકડી ઉડાવી છે તો આજથી તારું મુખ કોઈ જોશે નહીં. ગણેશે ચંદ્રને શાપ આપ્યો છે તે વાત જાણીને ત્રિલોકમાં હાહાકાર મચી જાય છે. શાપના નિવારણ માટે રસ્તો શોધવા તેઓ તેમના પિતા મહાદેવજી પાસે ગયા. મહાદેવજીના સૂચન અનુસાર ગણપતિનું પૂજન કરી ચંદ્ર ગણપતિને પોતાને આપેલા શાપમાંથી મુક્ત કરવા વિનવ્યા ત્યારે ગણેશજીએ પ્રસન્ન થઈને તેનો શાપ દૂર કર્યો. માત્ર એટલી સજા તરીકે ભાદરવાની અજવાળી ચોથના દિવસે કોઈ તારા (ચંદ્રના) મુખને જોશે નહીં. આ કથાનો ટૂંકસાર એ કે આપણે આપણાં સૌંદર્ય, સત્તા કે વૈભવના અભિમાનમાં આવી જઈને કોઈની સાથે દુર્વ્યવહાર કરવો જોઈએ નહીં.

દરેક શુભ કાર્યની શરૂઆત ગણેશપૂજન થી થાય છે.લગ્ન પ્રસંગ હોય,કે લક્ષ્મી પૂજનનો,શિલારોપણ હોય કે કુંભ મૂકવાનો હોય,મંદિરમાં ખુદ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરવાની હોય તો પણ પહેલું પૂજન ગણપતિનું જ હોય. ગણપતિની મૂર્તિ ન હોય તો સોપારીના ગણપતિ બનાવવાના પણ પૂજા તો પહેલી ગણેશજીની જ! કરીએ પણ છીએ.

**ગણપતિના સ્વરૂપ પાછળનું રહસ્ય :**

ગણ-પતિ એટલે સમૂહના પતિ..એટલે કે નેતા.નેતા પાસે બાહ્ય રૂપ ન હોય તો ચાલે પણ આંતરિક રૂપપઅર્થાત .ગુણો હોવા જરૂરી છે જ.અને કયા ગુણો તે તેમનું વિશિષ્ટ રૂપ દ્વારા દર્શાવ્યું છે.


ગણપતિનું મસ્તક હાથીનું છે. હાથી ના જીવનમાં તેજસ્વિતા છે.તે બુધ્ધિમાન છે.હાથી પોતે ખાતા પહેલાં પ્રથમના બે-ત્રણ કોળિયા આમતેમ ઉડાડે છે.કારણ કે રાજા જેવો ગજરાજ જમતો હોય ત્યારે બીજા જીવજંતુઓનું પેટ ભરાવું જોઈએ.એવી ઉદાર વુતિ છે. આમ નેતામાં અન્યને ખવડાવીને ખાવાની વૃત્તિ હોવી જોઈએ..એવું સૂચન છે.

હાથીની જેમ ગણપતિમાં પરમાત્મા પ્રત્યે વફાદારી છે. તેથી કહેવાય છે, હાથીની ચાલ મસ્ત હોય છે. પાછળ કૂતરાં ભસે તો પણ તે તેની પરવા કરતો નથી. યોગી પણ તેની પાછળ ટીકા કરનારાઓની કયારેય પરવા કરતા નથી. ગણપતિને સૂંઢ આપવામાં આવી છે. જે શક્તિનું પ્રતીક છે. હાથીની સૂંઢ બુલડોઝર અને ક્રેનનું શક્તિશાળી કાર્ય કરે છે. ગણપતિમાં એવી અદ્ભુત શક્તિઓ છે. હાથીની સૂંઢ મોટામાં મોટું અને નાનામાં નાનું કાર્ય કરે છે. સોયને પકડવાનું કાર્ય પણ હાથી કરી શકે છે. ગણપતિ નાનામાં નાનું અને મોટામાં મોટું પણ કાર્ય કરે છે. એવી એમની આધ્યાત્મિક પ્રતિભા છે.

ગણપતિના કાન પણ હાથીની જેમ સૂપડા જેવા છે.સૂપડાની જેમ સાર રાખીને ફોતરા ઉડાડી દેવા જોઈએ .એવું સૂચન અહીં સમાયેલું છે.વળી મોટા કાન ઉત્કુષ્ટ શ્રવણ-ભક્તિ સૂચવે છે.

ગણેશજીની હાથી જેવી ઝીણી આંખો માનવીને જીવનમાં સૂક્ષ્મ દ્રષ્ટિ રાખવાની પ્રેરણા આપે છે.

# નવી યુનિવર્સિટીઝની સ્થાપના અને...




ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે નવી યુનિવર્સિટીઝનો ઉદય થઈ રહ્યો છે. વિશ્વવિદ્યાલયની સ્થાપના એક રીતે તો આનંદની ઘટના ગણાય. ગુજરાતના શિક્ષણ ક્ષેત્રનો વ્યાપ વધી રહ્યો છે અને સરકાર પોતે પણ એ વ્યાપને ધ્યાનમાં રાખીને નવી યુનિવર્સિટીઝની સ્થાપના કરવા સક્રિય છે. શિક્ષણનો વ્યાપ વધે એ આનંદની ઘટના ગણાય ને ? એ બાબતે પહોંચી વળવા માટે વધુ વિશ્વવિદ્યાલયોની સ્થાપના થાય એ એથી વધુ આનંદની ઘટના ગણાય કે નહીં ? પંચમહાલ, ગોધરા વગેરે વિસ્તારની કૉલેજો ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી. એ રીતે ગુજરાત યુનિવર્સિટીનો વ્યાપ ઘણો બધો હતો. ત્યાંના વિદ્યાર્થીઓએ અમદાવાદ સુધી આવવું પડતું હતું. હવે ગોધરા ખાતે નવી યુનિવર્સિટી શરૂ થશે અને આ વિસ્તારની કૉલેજીસને એમાં સમાવી લેવામાં આવશે. એવી જ રીતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વ્યાપ પણ ઘણો બધો હતો. જૂનાગઢમાં હવે નવી યુનિવર્સિટી સ્થપાશે અને એ રીતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ભાર હળવો કરવામાં આવશે. ટૂંકમાં, ગોધરા અને જૂનાગઢ ખાતે નવી યુનિવર્સિટીઝ ટૂંક સમયમાં કાર્યરત થશે.



યુનિવર્સિટીની સ્થાપના આમ તો ઐતિહાસિક ઘટના ગણાવી જોઈએ. જૂનાગઢમાં સ્થપાનારી યુનિવર્સિટી સાથે આદ્યકવિ નરસિંહ મહેતાનું નામ સંકળાવાનું છે એ રીતે પણ એ ઘટના ઐતિહાસિક લેખાવી જોઈએ. પણ યુનિવર્સિટીની સ્થાપના થયા પછી શું ? આ એક મોટો સવાલ છે. વિદ્યાર્થીઓની હાલાકી આ કારણે ઓછી થાય છે. ગોધરાના વિદ્યાર્થીઓએ વહીવટી કામ માટે અમદાવાદ સુધી આવવું પડે એમાં સમય અને નાણાંનો વ્યય થાય, એ હવે અટકશે. એ જ રીતે જૂનાગઢ અને એની આસપાસના વિદ્યાર્થીઓને રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સુધી ધક્કો નહીં ખાવો પડે. આમ, નવી યુનિવર્સિટીઓની સ્થાપનાથી શક્ય છે કે વિદ્યાર્થીઓને પક્ષે ઓછી હાલાકી ભોગવવાની આવશે.

એક વાત તો સ્પષ્ટ છે કે યુનિવર્સિટીઝની સ્થાપના કરવી એટલે એક વિશાળ મકાન ઉભું કરી દેવું, એવો અર્થ બિલકુલ થતો નથી. યુનિવર્સિટીઝની સ્થાપના કરવાની સાથે સાથે સરકાર હવે ઝડપથી યુનિવર્સિટી ચલાવનારું તંત્ર પણ વ્યવસ્થિત ગોઠવે એ જરૂરી છે. વ્યવસ્થિત તંત્ર ત્યારે જ ગોઠવાશે જયારે જે તે યુનિવર્સિટીમાં કુલપતિથી માંડીને અન્ય વહીવટી અને શૈક્ષણિક વ્યક્તિઓની નીમણૂક કરવામાં આવે. આખરે, તંત્ર વ્યક્તિઓથી ચાલવાનું છે અને જો વ્યક્તિઓની જ નિમણૂક ન થાય તો તંત્ર ઊભું થઈ શકવાનું નથી.

યુનિવર્સિટી એક જીવંત સંસ્થા છે. અહીં શિક્ષણનો પ્રાણ ધબકતો હોય છે. આ ધબકાર સતત ચાલતો રહે એ જોવાનું કામ જે તે તંત્રનું હોય છે. યુનિવર્સિટીના દરેક વિભાગમાં કાર્યક્ષમ વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવે તો આ ધબકાર સંભળાતો રહે. આ આખું નવું તંત્ર ઊભું કરવા પાછળનો આશય વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો સમય અને નાણાં બચાવવાનો છે. પરંતુ યુનિવર્સિટીઝની સ્થાપના પછી પણ કાર્યક્ષમ વ્યક્તિઓના અભાવના કારણે હાલાકી જ ભોગવવાની હોય તો એનો બહુ અર્થ સરતો નથી. એક બીજો નિર્ણય પણ લેવામાં આવ્યો છે કે આણંદ અને ખેડા જિલ્લાની ચાળીસેક કૉલેજીસનો સમાવેશ હવે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં કરવામાં આવ્યો છે. એટલે આ વિસ્તારના વિદ્યાર્થીઓએ પણ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સુધી લાંબા નહીં થવું પડે. ગુજરાતના ઉચ્ચ શૈક્ષણિક જગતમાં આ રીતે નવી યુનિવર્સિટીઝની સ્થાપના આનંદની ઘટના બની રહે અને એ આનંદ લાંબા સમય સુધી ટકી રહે એવી આશા રાખવી અસ્થાને તો નથી જ નથી!